Appendix-2

## પ રિ શિ ષ્ટ – ૨

### 'વિચલન' અને 'વક્રોક્તિ'

પાશ્ચાત્ય સાહિત્યવિવેચનનો 'વિચલન'નો સિધ્ધાન્ત અને ભારતીય સાહિત્યમીમાંસામાં કુન્તકે પરિષ્કારેલ 'વક્રોક્તિ'નો સિધ્ધાન્ત ઘણે અંશે મળતા આવે છે. આ શોધનિબંધમાં 'નવીકરણ', 'સમાંતરતા' અને 'વિચલન' જેવા રશિયન સ્વરૂપવાદના વિભાવોના અનુલક્ષમાં ગુજરાતી કવિતાને અવલોકવાનો પ્રયાસ કર્યો હોવાથી એમાં કુન્તકના 'વક્રોક્તિ'ના સિધ્ધાન્તની, ગુજરાતી કવિતામાં થયેલા વક્રોક્તિપ્રકારના વિવિધ પ્રયોગોની કે 'વક્રોક્તિ'–'વિચલન' વચ્ચેના સામ્યની ચર્ચાનો સમાવેશ કરવાનું શક્ય બન્યું નથી. આમ છતાં, આ સામ્ય એટલું નોંધપાત્ર છે કે એને અહીં પૂરક નોંધરૂપે સ્પર્શવાનો લોભ ટાળી શકાતો નથી.

'વક્રોક્તિ'નાં વિચાર રજૂ કરતાં પહેલાં કુન્તક 'વક્રકવિવ્યાપારવાળા, કાવ્યમર્મજ્ઞોને આનંદ આપનારા, બન્ધ સુયોજિત શબ્દાર્થ'ને 'કાવ્ય' તરીકે ઓળખાવે છે. કાવ્યની આ વ્યાખ્યામાં તેમણે કાવ્યરચના માટે ઉક્તિની વક્રતા (વિચિત્રતા)નું મહત્ત્વ સૂચવી દીધું છે. આ વક્ર ઉક્તિનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં તેઓ તેને 'વૈદગ્ધ્યભંગીભણિતિ' અર્થાત્ 'કુશળ કવિવ્યાપારની કોઇક અસાધારણ છટાથી સર્જાતી ઉક્તિ' કહે છે. તેમના મત પ્રમાણે કવિવ્યાપારમાં રહેલી વક્રતા જ કાવ્યસંદર્ભે સૌથી વધુ મહત્ત્વની છે.

પોતાના વિશિષ્ટ સંવેદનને સવાંશે વ્યક્ત કરવા જતાં કવિને પદાર્થનું જે અ–પૂર્વપરિચિત રૂપ પ્રાપ્ત થાય છે તેને શ્લોવ્સ્કી, 'નવીકરણ'ની વિભાવના સ્પષ્ટ કરતાં, કાવ્યસર્જન માટે મહત્ત્વનું ગણાવે છે. કંઇક અંશે આવો જ વિચાર રજૂ કરતાં કુન્તક લખે છે, "પ્રસ્તુત પ્રસંગને અનુરૂપ કોઇ ઉત્કર્ષથી પદાર્થોનો મૂળ સ્વભાવ ઢંકાઇ જાય છે અને તેઓ કવિની વિવક્ષાને અનુરૂપ વાચ્ય (અર્થ) બની જાય છે." ('વક્રોક્તિજીવિત', પૃ.૨૪) કુન્તક પણ વક્રોક્તિની સાથે સ્વભાવોક્તિને સ્વીકારે છે. વક્રોક્તિ માટે તેનું મહત્ત્વ દર્શાવતાં તેઓ લખે છે: "સ્વભાવના ઉલ્લેખ વિના તો કોઇ વસ્તુની વાત જ ન થઇ શકે. કારણ, સ્વભાવ વગર તો વસ્તુ નિરૂપાખ્ય બની જાય." ('વક્રોક્તિજીવિત', પૃ.૩૨) તેમના મત મુજબ "કોઇપણ વસ્તુનું કાવ્યવ્યાપારના વિષય તરીકે વર્ણન કરવું હોય તો

---

આ પરિશિષ્ટમાં નોંધેલ તમામ પૃષ્ઠાંકો નગીનદાસ પારેખ સંપાદિત 'વક્રોક્તિ–જીવિત – કુન્તકનો કાવ્યવિચાર' (પ્રથમ આવૃત્તિ, ૧૯૮૮ – પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી) ગ્રંથનાં પૃષ્ઠાંકો છે.

સહૃદયોને આનંદ આપે એવા તેના સ્વભાવનું જ કાવ્યના વિષયભૂત શરીર તરીકે વર્ણન કરવું જોઇએ અને તેમાં યથોચિત સૌન્દર્યવર્ધક અલંકાર યોજવા જોઇએ." ('વક્રોક્તિજીવિત', પૃ. ૩૪).

પોતાની વિચારણા અનુસારના વક્રોક્તિતત્ત્વના કવિતાવ્યાપી વૈવિધ્યનો વિચાર કરતાં કુન્તક વક્રતાના મુખ્ય છ પ્રકારો નિર્દેશે છે :

(૧) વર્ણવિન્યાસવક્રતા
(૨) પદપૂર્વાર્ધવક્રતા
(૩) પ્રત્યયવક્રતા
(૪) વાક્યવક્રતા
(૫) પ્રકરણવક્રતા
(૬) પ્રબંધવક્રતા

વર્ણોની વિશેષ પ્રકારની ગોઠવણીથી ઉત્પન્ન થતા, સહૃદયોને આનંદ આપે તેવી શબ્દસૌન્દર્યયુક્ત રચનાને કુન્તક 'વર્ણવિન્યાસવક્રતા' તરીકે ઓળખાવે છે. સૌન્દર્ય નિષ્પન્ન કરતી વર્ણની વિશિષ્ટ, અભિનવ, ચમત્કૃતિપૂર્ણ યોજનાને જ લીચ 'Phonological Deviation' - 'ધ્વનિગત વિચલન' તરીકે ઓળખાવે છે. ભાષાનાં વર્ણ પછીના સ્તર-શબ્દ-ને ધ્યાનમાં લેતાં કુન્તક નામના, ધાતુના કે વિશેષણના નાવીન્યયુક્ત વૈશિષ્ટ્યપૂર્ણ પ્રયોગને 'પદપૂર્વાર્ધવક્રતા' તરીકે ઓળખાવે છે. અહીં નામ, ક્રિયાપદ કે વિશેષણ નું પ્રચલિત કરતાં ભિન્ન એવા રૂપમાં કે પ્રચલિત કરતાં ભિન્ન અર્થમાં થતું સંસ્કરણ તેને અભિપ્રેત છે. લીચે દર્શાવેલો 'Lexical Deviation' - 'શબ્દગત વિચલન'નો વિચાર અને 'Semantic Deviation' અર્થાત્ 'અર્થગત વિચલન'નો વિચાર કુન્તકના 'પદપૂર્વાર્ધવક્રતા'ના ખ્યાલ સાથે મળતો આવે છે.

આનાથી આગળ વધીને વ્યાકરણના સ્તરને લક્ષમાં લેતાં કુન્તક નામને અને ધાતુને લાગતા પ્રત્યયોને આધારે રચાતી વક્રતાને 'પ્રત્યયવક્રતા' નામ આપે છે. એના આ વિચાર સાથે લીચનો 'Grammatical Deviation' - 'વ્યાકરણગત વિચલન'નો પ્રકાર સામ્ય ધરાવે છે. પદ પરથી પદસમૂહ પર આવતાં કુન્તક પદસમૂહની વક્રતાને 'વાક્યવક્રતા' કહે છે, જેને લીચ 'Syntactical Deviation' અર્થાત્ 'અન્વયગત વિચલન' તરીકે ઓળખાવે છે.

અહીં સુધી ભાષાના વિભિન્ન સ્તરોને ધ્યાનમાં લીધા પછી કુન્તક ભાષા સાથે ભાષાવૈજ્ઞાનિક રીતે ન સંકળાયેલી પણ રચનાબંધની દૃષ્ટિએ સંકળાયેલી બે બાબતોને

પણ વક્રોક્તિના પ્રકાર અંતર્ગત સમાવે છે. કોઇ ખ્યાત પ્રસંગને નવી રીતે કલ્પવાની કવિની પ્રવૃત્તિને તે 'પ્રકરણવક્રતા' તરીકે ઓળખાવે છે અને સમગ્ર પ્રબંધમાં પ્રવર્તતા વૈચિત્ર્યને તે 'પ્રબંધવક્રતા' તરીકે ઓળખાવે છે. લીચે માત્ર ભાષાતત્ત્વોને જ અનુલક્ષીને વિચલનની વિચારણા કરી હોવાથી તેણે દર્શાવેલા વિચલનના પ્રકારોમાં રચના પ્રકરણ અને પ્રબંધને લગતા વિચારને સ્થાન આપવામાં આવ્યું નથી.

આમ, ભારતીય મીમાંસાના કુન્તકના 'વક્રોક્તિ'ના સિદ્ધાન્ત અને પાશ્ચાત્ય મીમાંસામાંના રશિયન સ્વરૂપવાદીઓના 'વિચલન'ના સિદ્ધાન્ત વચ્ચે ઘણે અંશે સામ્ય રહ્યું છે.